(12) ગામની ભાગોળે લોકો શા માટે એકઠા થયા હતા ?
(A) સંતની વાણી સાંભળવા (B) અબળા સ્ત્રીનો ઉદ્ધાર કરવા
(C) સત્ય વાત સમજાવવા (D) કુલટા સ્ત્રીનો ન્યાય કરવા

(13) ગામના સજ્જનોએ શો ન્યાય કર્યો ?
(A) કુલટા સ્ત્રીને સન્માનનો (B) કુલટા સ્ત્રીને મારી નાખવાનો
(C) કુલટા સ્ત્રીને સમજાવવાનો (D) કુલટા સ્ત્રીને ક્ષમા આપવાનો

(14) બાનું હેત કેવું છે ?
(A) સુખના હિંચકા જેવું (B) ઘીની સુખડી જેવું (C) મીઠી વીરડી જેવું (D) રસગુલ્લાની ચાસણી જેવું

(15) બાના ઘરમાં કોણ પહેરો ભરે છે ?
(A) સૂનકાર અને સન્નાટો (B) નિસાસો (C) જીવતરનું ગભરામણ (D) બાનો ઝૂરાપો

(16) 'ખીજડિયે ટેકરે' ગદ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો.
(A) નવલકથા ખંડ (B) નિબંધ (C) લોકવાર્તા (D) નવલિકા

(17) ગાંધીજીના કોચરબ આશ્રમનું મુખ્ય ધ્યેય શું હતું ?
(A) વિશ્વહિત અવિરોધી દેશસેવા (B) વિશ્વવિરોધી અહિત સેવા
(C) વિશ્વઅહિત સેવા (D) વિશ્વહિત વિરોધી સેવા

(18) વિનોબાનું મન કયા બે સ્થળો પ્રત્યે આકર્ષાયેલું રહેતું ?
(A) ગાંધીજીના આશ્રમો (B) તીર્થક્ષેત્રો
(C) હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ (D) ક્રાંતિસ્મારકો

(19) ઉછીનું માંગનારની નજર કેવી હોય છે ?
(A) વરુ જેવી (B) સિંહ જેવી (C) ગીધ જેવી (D) સમડી જેવી

(20) જીવન વ્યવહાર ચલાવવા લોકો શો ઉપાય કરે છે ?
(A) ઉછીનું માંગવું (B) સહાય માંગવી (C) મહેનત કરવી (D) વ્યાપાર કરવો

(21) 'અમરનાથની યાત્રા' ગદ્ય લેખિકાનું નામ જણાવો.
(A) કુંદનિકા કાપડિયા (B) વિનોદિની નીલકંઠ (C) ધીરુબેન પટેલ (D) ઈવા ડેવ

(22) જીવવું અને મરવું એ કોના હાથની વાત છે ?
(A) ઈશ્વરના હાથની (B) ડૉક્ટરના હાથની (C) માણસના હાથની (D) ભાગ્યના હાથની

(23) યુધિષ્ઠિરને કોની સાથે લડવું હતું ?
(A) કૌરવોની સામે (B) કૃષ્ણની સામે
(C) દુર્યોધનની અભિમાની વૃત્તિઓ સામે (D) દુ:શાસન સામે

(24) પ્રભાશંકરે વડી અદાલતને ભેટ આપવા શું તૈયાર કરાવેલું ?
(A) તૈલચિત્ર (B) પ્રતિમા (C) ભેટ સામગ્રી (D) ધજા

(25) પ્રભાશંકર પટણીએ કયો કરાર રદ કરાવ્યો ?
(A) મજદૂર કરાર (B) રાજકરનો કરાર (C) બદરી કરાર (D) અહિંસક ચળવળ

(26) હીરાને શાનો શોખ હતો ?
(A) સાડીનો (B) શૃંગારનો (C) ફરવાનો (D) ઘરેણાંનો

(27) લેખક શા માટે ગાંધીગ્રામમાં આવ્યા ?
(A) ગાંધીજીને મળવા (B) પત્નીની પસંદગી કરવા
(C) સંસ્થાની મુલાકાત લેવા (D) ગાંધીગ્રામમાં રહેવા

